રજૂ તારીખ :૧૮/૦૧/૨૦૧૬.
દાખલ તારીખ :૧૮/૦૧/૨૦૧૬.
નિકાલ તારીખ : ૨૧/૦૨/૨૦૧૯.
સ મ ય :

---

ગાંધીનગરના મે.મુખ્ય સેશન્સ જજશ્રીની કોર્ટમાં ,
મુઃ ગાંધીનગર.

<u>સેશન્સ કેસનં: ૦૨/૨૦૧૬.</u>

આંક–૯૭.

---

ફરીયાદીઃ શ્રી સરકાર.

<u>વિરુધ્ધ.</u>

આરોપી–(૧) વિજય ઉર્ફે કાળુ S/O કિશોરભાઈ કસ્તુરભાઈ પઢીયાર ઉ.વ.૧૯,
રહે.ઉંટવાળી ચાલી,બહેરામપુરા અમદાવાદ. (એબેટ)

(૨) યશ ઉર્ફે યશલો ગોપાળભાઈ આહિર ઉ.વ.૨૦,
રહે.૧૬,ભાગ્યશ્રી એપાર્ટમેન્ટ,અપ્સરા આરાધનાની સામે,
પુષ્પકુંજ સોસાયટી કાંકરીયા, મણીનગર અમદાવાદ.

(૩) સિધ્ધાર્થ ઉર્ફે માયા હરેશસિંહ કેસરસિંહ સીસોદીયા ઉ.વ.૨૦,
રહે.કડીવાળાની ચાલી દેના બેંકની સામે,બાબુ રાજારામની ચાલી
રુમ નં.૨, અમરાઈવાડી, અમદાવાદ.

(૪) મિતેશ ઉર્ફે મિતલો અશોકભાઈ પંચાલ ઉ.વ.૨૧,
રહે.એ/૨૮, રણછોડ કોલોની,મુરલીમનોહરની બાજુમાં
ભરત પાર્ટીપ્લોટ સામેના ખાંચામાં,રબારી કોલોની ચાર રસ્તા,
અમરાઈવાડી, અમદાવાદ.

(૫) ગણેશ ઉર્ફે લકી દેવેન્દ્ર અમરસિંહ જાડેજા ઉ.વ.૨૧,
રહે.બી/૧૫,પુષ્પજીત સોસાયટી,અન્નપૂર્ણા હોટલ,
ત્રિકમપુરા પાટીયા,જસોદાનગર મણીનગર અમદાવાદ

ગુન્હો :– ઈ.પી.કોડ કલમ–૩૯૫ મુજબ.
ડભોડા પો.સ્ટે.ફર્સ્ટ ગુ.ર.નં.૫૬/૨૦૧૩.

---

ફરીયાદપક્ષ તરફે : વિધ્વાન એ.પી.પી.શ્રી.પી.ડી.વ્યાસ.
આરોપી નં.૧ થી ૩ અને ૬ તરફે : વિધ્વાન વકીલ શ્રી જે.જી.પંચાલ.
આરોપી નં.૪–૫ તરફે : વિધ્વાન વકીલ શ્રી કે.વાય.વ્યાસ.

---

**–: ચુકાદો :–**

(૧) આ કામના ઉપરોકત નામ જણાવેલ આરોપીઓ ઈ.પી.કોડ કલમ–૩૯૫ મુજબના ગુનાના કામે નોંધાયેલ સેશન્સ કેસ નં.૦૨/૨૦૧૬ ની ટ્રાયલનો સામનો કરી રહયા છે.

(૨) આ કામના આરોપીઓ વિરૂધ્ધ તા:૧૨/૦૧/૨૦૧૭ ના રોજ મારા વિધ્વાન પુરોગામીશ્રીએ જે તે વખતે આંક–૧૯ થી નીચે મુજબનું તહોમતનામું ફરમાવેલ.

આ કામના ફરીયાદી હિમાંશુ કચરાજી સોલંકી તા:૧૫/૭/૨૦૧૩ ના રોજ કલાક–૦૦–૩૦ ના સુમારે શાહપુર સાબરમતી નદીના પૂર્વ તરફના બ્રીજના છેડે પોતાનુ બાઈક નં.જીજે–૧૮–એ.કયુ–૩૨૮૧ નુ લઈ સાહેદ લાલાભાઈની સાથે આવતા હતા તે સમયે તમો આરોપીઓએ ફરીયાદી સાહેદ સાથે ઝગડો કરી ગડદાપાટુનો માર મારી રોકડ રૂા.૩૧૦૦/–તથા સેમસંગ મોબાઈલ ફોન કિંમત રૂા.૧૦૦૦/–તથા હિરો હોન્ડા સ્પ્લેન્ડર મોટરસાયકલ કિંમત રૂા.૨૦,૦૦૦/– મળી કુલ રૂા.૨૪,૧૦૦/–ની ધાડ પાડી લૂંટ કરેલી અને લૂંટ કરવામાં તમો તમામ આરોપીઓએ એકબીજાને સહાય કરી ઈ.પી.કોડ કલમ–૩૯૫ મુજબ સજાનેપાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે.

(૩) ફરીયાદપક્ષના કેસની હકીકત રેકર્ડ અને પુરાવાને આધારે ટુંકમાં નીચે મુજબ છે.

આ કામના ફરીયાદી હિમાંશુ કચરાજી સોલંકીએ તા:૧૫/૭/૨૦૧૩ ના રોજ

ડભોડા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. રુબરુ ફરીયાદ જાહેર કરી જણાવેલુ છે કે,તેઓ સેકટર–૨૧,રીલાયન્સ મોલમાં નોકરી કરે છે અને તેમની સાથે પટેલ લાલાભાઈ ભીખાભાઈ પણ સીકયોરીટી તરીકે નોકરી કરે છે. તા:૧૫/૭/૨૦૧૩ ના રોજ કલાક–૦૦–૧૫ વાગે તેઓ બંને જણા તેમના બાઈક નં.જીજે–૧૮–એ.કયુ–૩૨૮૧ ઉપર શાહપુર જવા નીકળેલા અને શાહપુરના બ્રીજ ઉપરથી પસાર થતા હતા ત્યારે આ કામના આરોપીઓએ કાયનેટીક તથા મોટરસાયકલ ઉપર આવી ફરીયાદીના મોટરસાયકલ બંધ કરી તેની ચાવી કાઢી લીધેલી અને ફરીયાદી તથા સાહેદ લાલાભાઈને માર મારવા લાગેલા અને ફરીયાદીના ખીસ્સાનુ પાકીટ લૂંટી લીધેલ જેમાં એટીએમ કાર્ડ, રોકડા રુ.૪૦૦/–તથા સેમસંગ કંપનીના મોબાઈલની લૂંટ કરેલી તેમજ સાહેદ લાલાભાઈ પાસેથી એટીએમ કાર્ડ, રોકડા રુ.૨૭૦૦/– ની લૂંટ કરેલી.

(૪) ફરીયાદ જાહેર થતા ડભોડા પો.સ્ટે.ના પી.એસ.ઓ.એ ગુનાની સ્ટેશન ડાયરીમાં નોંધ કરી સર્કલ ઈન્સ્પેકટર ગાંધીનગરને તપાસ સોંપેલી, તપાસનીશ અધિકારીએ ગુનાવાળી જગ્યાનુ પંચો રુબરુ પંચનામુ કરેલુ.ત્યારબાદ આ ગુનાની તપાસ પી.એસ.આઈ.વાઘેલાને સોંપતા તેઓએ આરોપીઓની શરીરસ્થિતિનુ પંચનામુ કરેલુ અને મુદામાલ મોબાઈલ પંચનામાની વિગતે કબજે કરેલ, આરોપીઓની ઓળખપરેડનુ પંચનામુ એકઝી.મેજી.શ્રી રુબરુ પંચોની હાજરીમાં કરાવેલુ તેમજ ગુનામાં વપરાયેલ મુદામાલ એકટીવા નં.જીજે–૨૭–પી–૨૩૭૫ નુ પુનમબેન શાહે રજુ કરતા પંચનામાની વિગતે કબજે કરેલુ, ફરીયાદીએ બનાવ સમયે પહેરેલ શર્ટ પંચનામાની વિગતે કબજે કરેલ, લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા અને તપાસના અંતે આરોપીઓ વિરુઘ્ધ ચાર્જશીટ કરેલુ.

(૫) આરોપીઓ વિરુઘ્ધ ચાર્જશીટ રજુ થતા નીચેની કોર્ટમાં ફોજદારી કેસ નંબર–૬૨૦૩/૨૦૧૩ થી નોંધવામાં આવેલ અને સદર ફોજદારી કેસ ગાંધીનગરના જે તે સમયની ૯ મી કોર્ટના એડી.જયુડી.મેજી.શ્રીએ આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી છે અને આરોપીઓનો જવાબ નોંધતા તેઓએ ખાનગી વકીલ રોકવાના હોવાનુ જણાવેલ ત્યારબાદ આરોપીઓ વિરુઘ્ધના કેસની ઈન્સાફી કાર્યવાહી એકમાત્ર સેશન્સ અદાલતમાં ચાલવાનેપાત્ર હોઈ ગાંધીનગરના નવમા એડી.જયુડી.મેજી.શ્રીએ ક્રિ.પ્રો.કોડ

કલમ–૨૦૯ અન્વયે સદર ફોજદારી કેસ નં.૬૨૦૩/૨૦૧૩ આંક–૧૮ થી કમિટલ હુકમ કરી સેશન્સ કમિટ કરેલ છે જેથી આરોપીઓ વિરુધ્ધ હાલનો આ સેશન્સ કેસ નં.૦૨/૨૦૧૬ થી નોંધવામાં આવેલ છે.

(૬) આરોપીઓ અત્રેની અદાલતમાં હાજર થતા તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો મળી ગયાની ખાતરી કરી ઉપરોકત હકીકતે પેરા–૨ માં જણાવ્યા પ્રમાણે ઈ.પી.કો. કલમ–૩૯૫ મુજબના ગુના સબબ મારા વિધ્વાન પુરોગામીશ્રીએ આરોપીઓ વિરૂધ્ધ આંક–૧૯ થી તહોમતનામું વાંચી સંભળાવી સમજાવતા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરી કેસ આગળ ચલાવવાની માંગણી કરેલી.

(૭) ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધ કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના સાહેદો તપાસેલા છે.

| અનુ.નં. | સાહેદનુ નામ અને વિગત | આંક. |
|---|---|---|
| (૧) | હિમાંશુ કચરાજી સોલંકી,<br>ફરીયાદી. | ૨૯ |
| (૨) | લાલાભાઈ ભીખાભાઈ પટેલ,<br>સાહેદ. | ૪૧ |
| (૩) | વાઘાભાઈ હરીભાઈ ડીડોર,<br>પ્રાથમિક તપાસ કરનાર સર્કલ ઈન્સ્પેકટર,ગાંધીનગર. | ૯૦ |
| (૪) | સહદેવસિંહ બહાદુરસિંહ વાઘેલા,<br>પી.એસ.આઈ.ડભોડા પો.સ્ટે./તપાસનીશ અધિકારી. | ૯૧ |

(૮) ફરીયાદપક્ષે તેમના કેસના સમર્થન માટે ઉપરોકત મૌખીક પુરાવા ઉપરાંત નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો પણ રજુ કરેલ છે.

| અનુ.નં. | દસ્તાવેજની વિગત. | આંક. |
|---|---|---|
| (૧) | ફરીયાદ. | ૩૦ |
| (૨) | સુચિપત્ર. | ૪૯ |
| (૩) | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ. | ૫૦ |
| (૪) | સ્પ્લેન્ડર હોન્ડા નં.જીજે–૧૮–એ.કયુ–૩૨૮૧ બિનવારસી મળી આવતા તે કબજે કર્યાની નોંધ કરવાનો પત્ર. | ૫૧ |

| | | |
|---|---|---|
| (૫) | સ્પ્લેન્ડર હોન્ડા નં.જીજે–૧૮–એ.કયુ–૩૨૮૧ કબજે કર્યાનુ પંચનામુ. | ૫૨ |
| (૬) | ડીસ્કવરી પંચનામુ. | ૫૩ |
| (૭) | એકટીવા નં.જીજે–૨૭–પી–૨૩૭૫ કબજે કર્યાનુ પંચનામુ. | ૫૪ |
| (૮) | આરોપીઓની ઓળખપરેડ કરાવવા તપાસ અધિકારીએ એકઝી.મેજી.શ્રીને કરેલ યાદી. | ૫૫ |
| (૯) | આરોપીઓની ઓળખપરેડ માટે ફરીયાદીને હાજર રહેવાનો પત્ર. | ૫૬ |
| (૧૦) | આરોપીઓની ઓળખપરેડનુ પંચનામુ. | ૫૭ |
| (૧૧) | ફરીયાદીનો શર્ટ કબજે કર્યાનુ પંચનામુ. | ૯૨ |

(૯) ઉપરોકત હકીકતે ફરીયાદપક્ષે તેના કેસના સમર્થનમાં મૌખીક અને દસ્તાવેજી પુરાવો રજુ કર્યા બાદ આંક–૯૩ ની પુરસીસ આપી સાહેદોને ડ્રોપ કર્યાનુ જાહેર કરેલ છે અને આંક–૯૪ ની પુરસીસથી તેમનો પુરાવો પુરો થયાનું જાહેર કરતા ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓના વિશેષ નિવેદન લેવામાં આવેલ, જેમાં તેઓએ ઈન્કારીયતનો બચાવ લીધેલ છે અને આરોપીઓએ પોતે નિર્દોષ હોય અને ખોટી રીતે તેઓને અટક કરેલ હોય તેવો બચાવ લઈ ફરીયાદપક્ષના તમામ પુરાવાનો ઈન્કાર કરેલ છે. આરોપીઓ પૈકી કોઈ આરોપીએ સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવમાં કોઈ સાહેદો તપાસેલ નથી કે અન્ય કોઈ પુરાવો રજુ કરેલ નથી.

(૧૦) ફરીયાદપક્ષ તરફે વિઘ્વાન એ.પી.પી.શ્રી પી.ડી.વ્યાસને સાંભળ્યા તથા આરોપી નં.૧ થી ૩ અને ૬ તરફે વિઘ્વાન વકીલ શ્રી જે.જી.પંચાલ તથા આરોપી નં.૪–૫ તરફે વિઘ્વાન વકીલ શ્રી કે.વાય.વ્યાસની દલીલો સાંભળી.

(૧૧) રેકર્ડ ઉપરનો પુરાવો તથા દલીલોના સંદર્ભમાં આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દા :–**

(૧) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,તા:૧૫/૦૭/૨૦૧૩ ના રોજ આરોપીઓએ એકબીજાની મદદગારીમાં ફરીયાદી હિમાંશુભાઈ તથા સાહેદ લાલાભાઈ ભીખાભાઈ સાથે ઝગડો કરી માર મારી રુ.૩૧૦૦/–રોકડા તથા

મોબાઈલ ફોન અને મોટરસાયકલની લૂંટ કરી ઈ.પી.કોડ કલમ–૩૯૫ મુજબનો ગુનો કરેલ ?

(૨) શું સજા તથા હુકમ થવો જોઈએ ?

(૧૨) ઉપરોકત મુદૃાઓના મારા નિર્ણયો કારણો અને તારણો સાથે નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**–: કા ર ણો :–**

મુદા નંબર–૧.

(૧૩) એ હકીકત સેટલ થઈ ગઈ છે કે, ફરીયાદપક્ષ આરોપીઓ સામેનુ તહોમત નિઃશંકપણે અને વિશ્વસનિય અને આધારભૂત પુરાવાથી સાબીત કરવાનુ છે.

(૧૪) આ કેસમાં આંક–૧૯ મુજબ આરોપીઓ વિરુધ્ધ તહોમતનામુ ફરમાવેલુ છે અને તહોમત પ્રમાણે ઉપરોકતમુદા મુજબ આરોપીઓ વિરુધ્ધ તહોમત સાબીત થાય છે કે કેમ?

(૧૫) કારણો આપતા પહેલા ફરીયાદપક્ષનો પુરાવો શું છે તેની ટૂંકમાં ચર્ચા કરવી જરુરી છે.

**–: મૌખિક પુરાવો :–**

(૧૬) ફરીયાદપક્ષે સાહેદ નં.૧,હીમાંશુભાઈ સોલંકીને આંક–૨૯ થી તપાસેલા છે, તેઓ સોગંદ ઉપર જણાવે છે કે,તાઃ૧૫/૭/૨૦૧૩ ના રોજ તેઓ નોકરી ઉપર જતા હતા ત્યારે તેઓની સાથે લાલાભાઈ ભીખાભાઈ બાઈકની પાછળ બેઠા હતા અને ઈન્દ્રોડા સર્કલથી શાહપુર બ્રીજ તરફ આવતા હતા ત્યારે એક ટ્રકની પાછળ ચાર થી પાંચ બાઈક આવતા હતા અને બીજા છેડે એક ટ્રકે ઓવરટેક કરતા તેની પાછળ બે કાયનેટીકવાળા બે અજાણ્યા ઈસમો બુમ પાડતા હતા દરમિયાન એક બાજુ મોટરસાયકલ ઉપર બે ઈસમો હતા તે મોટરસાયકલ આગળ આવી અમારી મોટરસાયકલ બંધ કરી ચાવી કાઢી લીધેલી ત્યારબાદ આ ઈસમોએ મને તથા લાલાભાઈને ગડદાપાટુનો માર મારી ઝપાઝપી કરી મારુ પાકીટ,એટીએમ કાર્ડ,રોકડ રકમ રુા.૪૦૦/– તથા સેમસંગ કંપનીનો મોબાઈલ અને લાલાભાઈ પાસેથી એટીએમ કાર્ડ, રોકડ રકમ રુા.૨૭૦૦/–લૂંટી લીધેલા અને અમો બાઈક ત્યાં મુકીને ભાગી ગયેલા અને પોલીસને ફોન કરી અને સ્થળ ઉપર પાછા આવેલા ત્યારે અમારુ બાઈક ન હતુ. ફરીયાદી

આંક–૨૯ ની ફરીયાદ રજુ કરે છે. ફરીયાદી આરોપીઓને ઓળખી બતાવતા નથી અને મામલતદાર કચેરીમાં ઓળખપરેડમાં બોલાવેલા હોય અને ત્યાં આરોપીઓને ઓળખ્યા હોય તેનો ઈન્કાર કરે છે, આ જુબાની તા:૧૩/૪/૨૦૧૭ ના રોજ થયેલી છે.

(૧૭) સાહેદ નં.૨, લાલાભાઈ ભીખાભાઈને આંક–૪૧ થી તપાસેલા છે. આ સાહેદ તા:૧૫/૭/૨૦૧૩ ના રોજ ફરીયાદી હીમાંશુભાઈ સાથે બાઈક ઉપર બેસી આવતા હતા ત્યારે ગાંધીનગરથી શાહપુર જતા ગીફ્ટ સીટીની બાજુના રોડે પાછળથી ત્રણ બાઈક આવતા હતા અને તેઓએ અમોને રોકેલા અને હુમલો કરેલો અને ઝપાઝપીમાં તેઓનુ પર્સ પડી ગયેલુ, આ વ્યકિત કોણ હતા તે ખ્યાલ નથી અને તેઓને ઓળખી શકે નહી તેમજ ઓળખપરેડમાં પણ ઓળખેલા નહી. આ સાહેદની જુબાની તા:૨૧/૬/૨૦૧૭ ના રોજ થયેલી છે. ગુનાવાળી જગ્યાનુ પંચનામુ તથા ફરીયાદીનો શર્ટ કબજે કરેલો તથા વાહન કબજે કર્યાનુ પંચનામુ બચાવપક્ષે કબુલ કરવામાં આવેલુ છે, જે આંક–૫૦,૫૨,૫૩ અને આંક–૫૪ થી રજુ છે. ઓળખપરેડનુ પંચનામુ આંક–૫૭ થી રજુ થયેલુ છે.

(૧૮) ફરીયાદપક્ષે સાહેદ નં.૩,વાઘાભાઈ ડીડોરને આંક–૯૦ થી તપાસેલા છે, જેઓએ આંક–૫૦ થી કેસની તપાસ સંભાળી પંચનામુ કરેલુ, લાગતા વળગતા સાહેદોના જવાબ લીધેલા અને આગળની તપાસ પી.એસ.આઈ.વાઘમેલાને સોંપી આપેલી.

(૧૯) ફરીયાદપક્ષે સાહેદ નં.૪,સહદેવસિં વાઘેલાને આંક–૯૧ થી તપાસેલા છે, જેઓએ આ કેસની તપાસ પુરી કરી ચાર્જશીટ કરેલુ છે. સાહેદ જણાવે છે કે, આ કેસની ફરીયાદ આંક–૩૦ થી તેઓએ લીધેલી ત્યારબાદ પી.આઈ.ડીડોરને તપાસ સોંપેલી અને તેઓની પાસેથી તપાસ ફરી સંભાળેલી અને કોલ ડીટેઈલના આધારે લોકેશન ઉપરથી આરોપીઓની અટક કરેલી તે અંગે પંચનામુ કરવામાં આવેલુ તેમજ આરોપીઓની ઓળખપરેડ માટે આંક–૫૫ અને ૫૬ થી કાર્યવાહી કરેલી તેમજ હોન્ડા બાઈક આંક–૫૪ ની વિગતે કબજે કરેલ. ફરીયાદીના કપડા આંક–૯૨ ના પંચનામાથી કબજે લીધેલા.

(૨૦) સમગ્ર પુરાવો જોતા આ કામમાં લૂંટ સંદર્ભે આ આરોપીઓએ લૂંટ કરેલી તેવો ઓળખનો પુરાવો સાહેદોના પુરાવાથી પુરવાર થતો નથી. ફરીયાદી સાહેદ હીમાંશુ આંક–૨૯ તથા સાહેદ લાલાભાઈ ભીખાભાઈ આંક–૪૧ નાઓ આરોપીઓને કોર્ટમાં ઓળખી બતાવતા નથી તેમજ એકઝી.મેજી. રુબરુ ઓળખપરેડમાં આરોપીઓને ઓળખી બતાવેલા હોય

તે હકીકતનો પણ ઈન્કાર કરે છે, આમ મહત્વના આ બંને સાહેદો આરોપીઓની આ ગુનામાં સંડોવણી બાબતે સમર્થન કરતા નથી. મોટરસાયકલ બાઈક આરોપીઓ લૂંટી ગયેલા કે કેમ ? તે અંગે કોઈ પુરાવો આવતો નથી. સાહેદોના પુરાવાથી તેઓ નાસી ગયા પછી મોટર સાયકલ કોણ લઈ ગયુ તે હકીકત રેકર્ડ ઉપર આવતી નથી અને મોટર સાયકલ કોઈ રજુ કરે છે અને તે અંગેનુ પંચનામુ પોલીસ કરે છે તો તે પણ સ્પષ્ટ થતુ નથી કે, રજુ કરનાર સાહેદ પાસેથી મોટરસાયકલ કેવી રીતે આવેલુ, આ ઉપરાંત સાહેદ લાલાભાઈ જણાવે છે કે,તેઓનુ પર્સ પડી ગયેલુ, આમ આરોપીઓએ આ બંને સાહેદોને રાત્રીના ગુનાવાળી જગ્યાએ ઉભા રાખી લૂંટ અને ધાડ કરવાના ઈરાદે તેઓને ગડદાપાટુનો માર મારેલો હોય તેમજ બાઈકની ચાવી લૂંટી લીધેલી હોય અને બંને સાહેદોના પાકીટ તથા પૈસા અને મોબાઈલ ફોન લઈને નાસી ગયેલા હોય તે અંગે લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી.

(૨૧) પોલીસ સાહેદો જે તપાસવામાં આવેલા છે તે સાહેદોના પુરાવાથી પણ આરોપીઓની અટક કેવી રીતે થઈ અને ગુનામાં સંડોવણી શું છે ? તે અંગે કોઈ પ્રકાશ પાડતા નથી, આમ તપાસનીશ અધિકારીના પુરાવાના આધારે સાંયોગિક પુરાવાના સંદર્ભમાં પણ આ ગુનામાં આરોપીઓની સંડોવણી હોવાનુ પુરવાર થતુ નથી.

(૨૨) આમ આરોપીઓની આ ગુનામાં આંક–૧૯ ના તહોમત પ્રમાણે સાહેદ હીમાંશુ તથા લાલાભાઈને તા:૧૫/૭/૨૦૧૩ ના રોજ રોકડ રકમ, મોબાઈલ તથા બાઈકની ગડદાપાટુનો માર મારી ધાડ પાડવાના ઈરાદે લૂંટ કરી હોય તે અંગેનો ચાર્જ વિશ્વસનિય, આધારભૂત અને માની શકાય તેવા પુરાવાથી ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ જતો હોઈ મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>—: હુ ક મ :—</u>**

(૧) આ કામના આરોપી (૨) યશ ઉર્ફે યશલો ગોપાળભાઈ આહિર,રહે.૧૬,ભાગ્યશ્રી એપાર્ટમેન્ટ,અપ્સરા આરાધનાની સામે,પુષ્પકુંજ સોસાયટી કાંકરીયા, મણીનગર અમદાવાદ (૩)સિઘ્ધાર્થ ઉર્ફે માયા હરેશસિંહ કેસરસિંહ સીસોદીયા,રહે.કડીવાળાની ચાલી દેના બેંકની સામે,બાબુ રાજારામની ચાલી રુમ નં.૨, અમરાઈવાડી અમદાવાદ, (૪) મિતેશ ઉર્ફે મિતલો અશોકભાઈ પંચાલ,રહે.એ/૨૮, રણછોડ કોલોની, મુરલીમનોહરની બાજુમાં ભરત પાર્ટીપ્લોટ સામેના ખાંચામાં,રબારી કોલોની

ચાર રસ્તા,અમરાઈવાડી,અમદાવાદ (૫) ગણેશ ઉર્ફે લકી દેવેન્દ્ર અમરસિંહ જાડેજા,રહે.બી/૧૫, પુષ્પજીત સોસાયટી, અન્નપૂર્ણા હોટલ, ત્રિકમપુરા પાટીયા,જસોદાનગર મણીનગર અમદાવાદનાઓને ડભોડા પો. સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૫૬/૨૦૧૩,ઈ.પી.કોડ કલમ–૩૯૫ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરવામાં આવેલ મુદામાલ બાઈક નં.જીજે–૨૭–એન–૫૩૮૯ જે તે સમયના બીજા એડી.ચીફ જયુડી.મેજી.શ્રીએ તાઃ૩૦/૧૦/૨૦૧૩ ના હુકમથી પંચાલ ભાવેશભાઈ અશોકભાઈને વચગાળાની કસ્ટડીથી પરત સોંપેલ છે અને મુદામાલ હોન્ડા એકટીવા નં.૨૭–પી–૨૩૭૫ નુ બીજા એડી.ચીફ જયુડી. મેજી.શ્રીએ તાઃ૨૯/૧૦/૨૦૧૩ ના હુકમથી પુનમબેન સી.શાહને વચગાળાની કસ્ટડીથી પરત સોંપેલ છે તે હુકમો અપીલ સમય બાદ કાયમ રાખવામાં આવે છે અને મુદામાલ કપડાનો અપીલ સમય પુરો થયા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત મુદામાલ સિવાયનો બાકી રહેતા મુદામાલ વાહન તથા મોબાઈલ સંબંધે ચીફ જયુડી.મેજી.શ્રી ગાંધીનગરે ઈન્કવાયરી કરી અપીલ સમય પુરો તથા બાદ તેનો યોગ્ય નિકાલ કરવો.

(૩) આરોપીઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) ના સુધારા મુજબ નામદાર હાઈકોર્ટ સમક્ષ અપીલ થાય તો હાજર રહેવા સંબંધે રૂ.૫૦૦૦/– અંકે પાંચ હજાર પૂરા) ના જામીન રજૂ કરેથી મુકત કરવા.

આજ તાઃ ૨૧ માહે.ફેબ્રુઆરી સને.૨૦૧૯ ના રોજ મારી સહી કરી હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તાઃ ૨૧/૦૨/૨૦૧૯.
ગાંધીનગર.

**(ઈલેશ.જે.વોરા )**
**GJ00136**
**સેશન્સ જજ,(મુખ્ય)**
**ગાંધીનગર.**

સત્યમેવ જયતે PRINCIPAL DISTRICT & SESSIONS COURT GANDHINAGAR